જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૬/૧/૨૦૧૫ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૪૧/૧૫</u>

## કાંકરીયા કાર્નિવલની ભીડનો લાભ લઇ મોંઘા મોબાઇલ ફોનની ચોરી કરતાં બે ઇસમોને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડતી શહેર ક્રાઇમ બ્રાન્ચ.

નાયબ પોલીસ કમિશ્નર શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચના થી પોલીસ ઇન્સ્પેકટર કિરણ પટેલની ટીમના પો.સબ.ઇન્સ.રાજેશ સુવેરા નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન સાથેના પો.કોન્સ.રમેશગીરી ભાનુદાસગીરી નાઓને મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે (૧) ગોપાલ ભેરાજી ભાટી (મારવાડી) રહે.સંતોષીનગરના છાપરા કુબેરનગર પાણીની ટાંકી પાસે કુબેરનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ વરામીઢાણી તાલુકો જિલ્લો ફાલના રાજસ્થાન તથા (૨) ધનીયો કિશનજી બાવરી (મારવાડી) રહે.સંતોષીનગરના છાપરા બેબુની દુકાનની બાજુમાં કુબેરનગર પાણીની ટાંકી પાસે કુબેરનગર અમદાવાદ નાઓને કુલ-૫ મોંઘી બ્રાન્ડના મોબાઇલ ફોન જે તમામ ફોનની કિંમત રુ.૩૩૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેઓની પુછ પરછ કરતાં તેઓએ જણાવેલ છે કે અમદાવાદ શહેરમાં કાંકરીયા કાર્નિવલમાં માણસોની ભીડનો લાભ લઇ કોઇપણ રીતે નજર ચુકવી ખિસ્સામાંથી મોબાઇલ ફોન સેરવી લેતાં હતાં.

પકડાયેલ બંને ઇસમો પૈકી ગોપાલ ભેરાજી ભાટી નાનો અગાઉ મોબાઇલ ફોન ચોરીઓમાં પકડાઇ ચુકેલાની કેફીયત જણાવે છે તેમજ અગાઉ આ ગોપાલે તેના અન્ય સાગરીતો સાથે મળી પાંચેક મોબાઇલ ફોન ચોરેલ હતાં જેમાં તેના અન્ય બે સાગરીતો ક્રાઇમ બ્રાન્ચના હાથે પકડાઇ ચુકેલ હતાં અને પોતે પાંચ ગુન્હાઓમાં વૉન્ટેડ હતો આ ઇસમો પાસેથી મળી આવેલ પાંચેય મોબાઇલ ફોન મોંઘી મોંઘી બ્રાન્ડના મોબાઇલ ફોનની ચોરી કરતાં હતાં જેમાં આ ચોરેલ ફોન તેઓને પુછ પરછ કરતાં કાંકરીયા કાર્નિવલમાં લોકોની ભીડભાડ માંથી માણસોની નજર ચુકવી ખિસ્સામાંથી ફોન સેરવી લીધેલ હતાં.

ઉપરોક્ત બંને ઇસમો આજરોજ કોઇ ગ્રાહક મળે તો તેને સસ્તા ભાવમાં વેચી દેવા સારુ આ મોબાઇલ ફોન લઇને નિકળેલ હતાં દરમ્યાન તેઓને ચોરીના કુલ-૫ મોબાઇલ ફોન સાથે બંને ઇસમોને પકડી પાડેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.